# વિદેશી ભાષાના શિક્ષક

વિદેશી ભાષાના શિક્ષક, વિદ્યાર્થીઓને નવી ભાષા બોલતા, તે ભાષાના શબ્દોને સમજતા તેમજ લખતા શીખવે છે. તેઓ વિદ્યાર્થીઓને જે દેશની ભાષા શીખવવામાં આવે છે તે દેશના સાંસ્કૃતિક ઈતિહાસ અંગે પણ માહિતગાર કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમને અન્ય સંસ્કૃતિઓ વિશે શીખવું ગમે છે
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે બીજાને શીખવામાં મદદ કરવાનું પસંદ કરો છો.




ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૩૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. તમારી પસંદગીની વિદેશી ભાષામાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, સમાન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

તમારી પસંદગીની વિદેશી ભાષામાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, શિક્ષણમાં સ્નાતક (B.Ed)ની ડિગ્રી પ્રાપ્ત કરો. અથવા શિક્ષણમાં ડિપ્લોમા કરો.

**અથવા**

તમારી પસંદગીના વિષયમાં સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, તમારી પસંદગીની વિદેશી ભાષામાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વિદેશી ભાષાના શિક્ષકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૬૩,૬૨૧ થી ૧,૦૯,૨૨૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/foreign-language

NCS Code: NA, CCode: L002

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ફિલ્મ ઉદ્યોગ, બિઝનેસ કોર્પોરેશન, બહુ રાષ્ટ્રીય સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કન્ટેન્ટ ડેવલપમેન્ટ, બ્લોગિંગ, પ્રવાસન વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની સંસ્થા સ્થાપી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક વિદેશી ભાષા શિક્ષક → વિદેશી ભાષા શિક્ષક → વરિષ્ઠ વિદેશી ભાષા શિક્ષક → વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફોરેન લેંગ્વેજ એક્સપર્ટ, ફોરેન ટીચર, સેકન્ડ લેંગ્વેજ ટીચર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટ્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. અનુગ્રહ નારાયણ કોલેજ, પટના
૨. અવ્વયાર ગવર્મેન્ટ કોલેજ ફોર વુમન, કરાઈકલ
૩. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૪. ડિબ્રુગઢ હનુમાનબક્ષ સૂરજમલ કનોઈ કોલેજ, ડિબ્રુગઢ
૫. ડેરા નાટુંગ ગવર્મેન્ટ કોલેજ, ઇટાનગર
૬. સ્કૂલ ઓફ ઓપન લર્નિંગ, દિલ્હી
૭. ઇવિંગ ક્રિશ્ચિયન કોલેજ, અલ્હાબાદ
૮. એન. એસ. પટેલ આર્ટસ કૉલેજ, આણંદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. અરુલ આનંદાર કોલેજ, મદુરાઈ
૨. આચાર્ય જગદીશ ચંદ્ર બોઝ કોલેજ, કોલકાતા
૩. અન્નાઈ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તમિલનાડુ
૪. અમૃતસર કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, પંજાબ
૫. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૬. આચાર્ય ઇન્સ્ટિટ્યુટ ઓફ ગ્રેજ્યુએટ સ્ટડીઝ, બેંગલુરુ
૭. ડૉ. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
૮. આંધ્ર લોયોલા કોલેજ, વિજયવાડા

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec20_1g06/preview
- Udemy - https:// udemy.com/courses/search/?src=ukw&q=accent

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પ્રતિક્ષા સિંહ** "ધ લેંગ્વેજ હબ" ના સ્થાપક હોવા ઉપરાંત, ઑસ્ટ્રેલિયામાં એક બેંક સાથે પૂર્ણ સમય માટે કામ કરે છે. તેણીની સંસ્થા જર્મન, ફ્રેન્ચ, સ્પેનિશ અને સંસ્કૃત ભાષાના અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે. તેણીએ ખાલસા કોલેજ મુંબઈમાંથી બી.કોમ.માં સ્નાતકની પદવી હાંસલ કરી, ત્યારબાદ તેમણે એન.એમ.આઈ.એમ.એસ., મુંબઈમાંથી પાર્ટ-ટાઈમ એમ.બી.એ. પૂર્ણ કર્યું. ત્યારબાદ તેણીએ જર્મન ભાષામાં વિદેશી ભાષા પ્રમાણપત્ર કાર્યક્રમ પૂર્ણ કર્યો અને શીખવવાનું શરૂ કર્યું.*

સ્રોતઃ https://sugermint.com/pratiksha-singh-founder-of-the-language-hub/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.